જાતિ પ્રમાણપત્રો આપવા બાબત..

(૧) સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગો,
(૨) અનુસૂચિત જાતિઓ,
(૩) અનુસૂચિત જનજાતિઓ.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:-સશપ/૧૪૯૬/૫.૭૬/અ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૨૯-૬-૧૯૯૬.

ઠ રા વ :-

રાજ્યમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, અનુસૂચિત જાતિઓ/જનજાતિઓને રાજ્ય સરકાર દ્વારા અપાતા વિવિધ લાભો માટે જાતિની ખરાઇ આધારિત જાતિ પ્રમાણપત્ર આપવાની વિવિધ સૂચનાઓ અમલમાં છે. આ પ્રકારનું જાતિ પ્રમાણપત્ર આપવા માટે અગાઉ કોઇ સમય મર્યાદા નક્કી કરવામાં આવેલ ન હતી, તેથી નીચે મુજબ સમય સમયમર્યાદા નક્કી કરવામાં આવે છે:-

(૧) જાતિ પ્રમાણપત્ર આપવા માટે સક્ષમ અધિકારી સમક્ષ રજુ થયેલ પુરાવાઓના આધારે જાતિ પ્રમાણપત્ર આપવા અંગે સામાન્ય રીતે દિન-૭માં નિર્ણય લઇને તેનું પ્રમાણપત્ર આપવું.

(૨) રજુ થયેલ પુરાવાઓ આધારે કોઇ કેસમાં ઉપર (૧)મુજબ નિર્ણય ન લઇ શકાય તેમ હોય અથવા કેસ શંકાસ્પદ હોય, વધુ પુરાવાની આવશ્યકતા હોય તો તે મુજબ વધારાના પુરાવાઓ રજુ કરવા અને/અથવા વિશેષ તપાસ કરવાની હોય તો પણ વધુમાં વધુ દિન-૩૦માં જાતિ પ્રમાણપત્ર આપવા અંગે નિર્ણય લેવો.

૩. અત્રે એ સ્પષ્ટતા કરવામાં આવે છે કે સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગોને રાજ્ય સરકારની નોકરીઓ તથા ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ દરમ્યાન અનામતનો લાભ મેળવવા માટે તેમનો સમાવેશ ''ઉન્નત વર્ગો'' માં થતો નથી તે મુજબનું જાતિ પ્રમાણપત્ર આપવા માટે આ વિભાગના તા.૬/૨/૯૬ના ઠરાવ ક્રમાંક:-સશપ/૧૪૯૪/૯૫૯/અ.થી નક્કી થયેલ સમયમર્યાદામાં કોઇ ફેરફાર થતો નથી.

..૨....

૪. સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગોને માત્ર જાતિની ખરાઈ આધારિત પ્રમાણપત્ર મેળવવાનું હોય તેનો નમુનો નવેસરથી નક્કી કરી આ સાથે રાખેલ છે. જે મુજબના નમુનામાં આ વર્ગોને જાતિ પ્રમાણપત્ર આપવાનું રહે છે.

આ સુચનાઓ તેમના નિયંત્રણ હેઠળના તમામ ખાતાઓ/કચેરીઓના વડાઓના ધ્યાને લાવવા સચિવાલયના તમામ વહીવટી વિભાગોને વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(સહી)
( આર.વી.સુથાર )
સેકશન અધિકારી,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,
x રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
x મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના સચિવશ્રી, ગાંધીનગર.
સર્વે સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી
સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર/આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
સચિવાલયના અન્ય વિભાગો.
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
નિવાસી ઓડિટ અધિકારી, ગાંધીનગર.
x અન્ય પછાત વર્ગો માટેનું પંચ, ગાંધીનગર.
x સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
x રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
x સચિવશ્રી, તકેદારી આયોગ, ગાંધીનગર.
x સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
x સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
x સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
નિયામકશ્રી, આદિજાતિ વિકાસ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સમાજ કલ્યાણ વિભાગ હસ્તકના તમામ ખાતાના વડાઓ/બોર્ડ/કોર્પોરેશન.

સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ.
સર્વે પ્રાંત અધિકારીઓ.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
તમામ જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
તમામ સમાજ કલ્યાણ અધિકારી, (વિ.જા.).
તમામ સમાજ કલ્યાણ અધિકારી, જિલ્લા પંચાયત.
સર્વે મામલતદારશ્રીઓ.
સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.

વિભાગની તમામ શાખાઓ.
સિલેક્ટ ફાઈલ.
x પત્ર દ્વારા.

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે
જાતિ પ્રમાણપત્રનો નમૂનો..

---

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે........................

જિલ્લાના...............તાલુકાના..................ગામના

રહે/હું.........................ના પુત્ર/પુત્રી....................

જાતિના છે, જેને ગુજરાત સરકારના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૧-૪-૭૮ના ઠરાવ નંબર:-બકર/૧૦૭૮/૧૩૩૩૪/છ. તેમજ ત્યાર બાદના વખતો વખત બહાર પાડવામાં આવેલ સુધારા/વધારાથી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તરીકે જાહેર કરેલ છે.

તારીખ:-
( સીલ )

સક્ષમ અધિકારીની સહી.

હોદ્દો:-

---

નોંધ:-રાજ્ય સરકારની નોકરીઓની/ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં, પ્રવેશમાં અનામતનો લાભ મેળવવા માગતા સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારો માટે તેમનો સમાવેશ 'ઉન્નત વર્ગો'માં થતો નથી. તે મુજબનું પ્રમાણપત્ર નીચે મુજબના અધિકારીઓ પાસેથી મેળવવાનું રહેશે.

(૧) જિલ્લા કલેકટરશ્રી,

(૨) પ્રાંત અધિકારી/નાયબ કલેકટર/મદદનીશ કલેકટરશ્રી,

(૩) તાલુકા મામલતદારશ્રી.